# ધારાસભ્યશ્રી,સંજયભાઈ કોરડિયાની સ્પીચ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રસ્તાવ પરની ચર્ચામાં ભાગ લેવાનો અવસર પ્રદાન કરવા બદલ હું આ સન્માનનીય ગૃહ પ્રત્યે ધન્યવાદ વ્યક્ત કરી આભારની લાગણી પ્રગટ કરું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માનનીય મુખ્યમંત્રીના પ્રસ્તાવ – અયોધ્યા રામ મંદિર પ્રતિષ્ઠા અંગેની .ત્યારે મારે જયશ્રી રામના નારા સાથે મારી વાતનો પ્રારંભ કરવો છે.

જય શ્રીરામ... જય જય શ્રીરામ...

હું મારી જાતને પૂર્ણ ભાગ્યશાળી સમજુ છું તેમજ રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠાના યુગમાં મારો જન્મ થયો છે. મને આ પવિત્ર અવસરનો લ્હાવો લેવાની તક મળી છે એને હું મારું સદભાગ્ય સમજું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

કેમ કે, આ ભાગ્ય બાબતની વાત તુલશીદાસજીએ. રામચરિત માનસમાં પણ આ રીતે કરી છે.કે

***અહો ભાગ્યમ મમ અમિત અતિ,રામ કૃપા સુખ પુંજ,***

***દેખેઉ નયન બિરંચિ,શિવ સેવ્ય જુગલ પદ કંજ,***

**માનનીય અધ્યક્ષશ્રી,**

૨૨ જાન્યુઆરીના પવિત્ર દિવસે સમગ્ર ભારત વર્ષે અનોખા, અવિસ્મરણીય ઉત્સવને માણવાનો લ્હાવો લીધો. કરોડો લોકોની ૫૦૦ કરતા વધું વર્ષોની પ્રતીક્ષાનો અંત આવ્યો. આપણાં પ્રભુ રામલલ્લા નિજમંદિરમાં પુનઃ બિરાજમાન થયા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સદીના મહાનાયક, આપણાં રાષ્ટ્રનાયક, પ્રધાનમંત્રીશ્રીને આદરણીય નરેન્દ્ર મોદીસાહેબના વરદ્ હસ્તે, વિદ્વાન બ્રાહ્મણોના મંત્રોચ્ચાર સાથે ભગવાન રામજીની પૂજા આરતી થઈ અને આ

પવિત્ર ક્ષણોને કરોડો ભારતવાસીઓ સાથે દુનિયાએ એની આંખોથી જોઈ.

***માનનીય અધ્યક્ષશ્રી,***

આ ધન્ય ઘડી માટે હું આદરણીય વડાપ્રધાનશ્રી મોદીસાહેબને સમગ્ર ગુજરાતની પ્રજા વતી હાર્દિક અભિનંદન પાઠવું છું.

અભિનંદન એટલા માટે કે,ભગવાનશ્રી રામ ભારતીયતાના મુળમાં છે દેશનું પાત્ર કેવુ હોવુ જોઈએ તે સમજવા માટે આપણે રામને સમજવા પડશે.કે જેને આપણા માન.પ્રધાનમંત્રીશ્રીએ સમજયા છે.

***માનનીય અધ્યક્ષશ્રી,***

રામ આવી ગયા,એવુ નહી પરંતુ રામ હમેશા ભારતમાં જ રહયા છે.તે કહેવું વધારે સુસંગત રહેશે.કે રામ ભારતીયતાના મુળમાં છે.આ દેશનું ચરિત્ર કેવુ હોવું જોઈએ એ સમજવુ હોય તો રામનું ચરિત્ર જોવું જોઈએ તેથી.

***માનનીય અધ્યક્ષશ્રી,***

રામ આસ્થા અને ધર્મના વ્યાપથી જ બંધાયેલા નથી.પરંતુ તેનાથી આગળ તેઓ ભારતીય સંસ્કૃતિના શીખર પણ છે.જેઓ રાષ્ટ્રીય ચેતનાની દિશા નક્કી કરે છે.

***માનનીય અધ્યક્ષશ્રી,***

ભગવાન રામ તો આ ધરતીના કણકણમાં છે. મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રીરામનું અયોધ્યામાં ભવ્ય મંદિર બને એ માટે દેશના ખૂણે ખૂણેથી કરોડો લોકોએ અનેક માનતાઓ રાખેલી. આખરે એ બધી જ માનતાઓ પ્રભુ શ્રીરામના આશીર્વાદથી ફળીભૂત થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

ભગવાન રામ એટલે મર્યાદા. ભગવાન રામ એટલે વિવેક, ભગવાન રામ એટલે શીલતા, ભગવાન રામ એટલે ચરિત્ર, ભગવાન રામ એટલે ધર્મ, ભગવાન રામ એટલે નિષ્ઠા, ભગવાન રામ એટલે સામ્યાર્થ, ભગવાન રામ

એટલે શૌર્ય, ભગવાન રામ એટલે સત્ય અને ભગવાન રામ એટલે પૌરુષત્વ.

માનનીય અધ્યક્ષશ્રી,

રામ વિના આપના રાષ્ટ્રની કલ્પના કરવી શક્ય જ નથી. આજે પણ ક્યાંય પણ આદર્શ રાજ્યની વાત આવે ત્યારે આપણે સૌ રામરાજ્ય એવો શબ્દપ્રયોગ કરીએ છીએ. રઘુકુલની રીતિ અને પરંપરાનું વહન કરવા વચનબદ્ધ થયેલા રામ જ્યારે તેમને વનવાસનો આદેશ મળ્યો ત્યારે પણ ચલિત નથી થતાં. દશરથજી જ્યારે રામને કહે છે કે, મેં તો વચનપાલન માટે તમને વનવાસનો આદેશ આપ્યો છે. તમે સેનાપતિ છો, વિદ્રોહ કરી રાજ્ય પરત મેળવી શકો છો. તો પણ ભગવાન રામ તેમ નથી કરતા. આ છે રામના સામ્યાર્થનું સૌંદર્ય.

**માનનીય અધ્યક્ષશ્રી,**

"શાસનથી અંગત જીવન સુધી. રામનું પાત્ર સંઘર્ષ, લોકકલ્યાણ અને વિવેકનું ત્રિપુટી છે. આ પણ રાષ્ટ્રનું પ્રાણ છે. જે રીતે સામાન્ય લોકોનું જીવન ચાલે છે, તેવી જ રીતે ભગવાન રામનું જીવન પણ દુ:ખથી ઘેરાયેલું હતું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સંઘર્ષ અને શાણપણ દ્વારા દુ:ખના વર્તુળને તોડીને સુખાકારીની અનુભૂતિ પ્રાપ્ત કરવાની સદબુદ્ધિ. રામના વ્યક્તિત્વની મહાનતા સંઘર્ષ સામે લડવાની તેમની ઈચ્છાથી આવે છે.આપણે રામમાં

તેનું સર્વોચ્ચ સ્વરૂપ શોધીએ છીએ. તેથી જ રામ આપણા આદર્શ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

તેઓ ભારતીય સંસ્કૃતિના લૌકીક અને અલોકીક હીરો છે. ભગવાનશ્રી રામના સમગ્ર જીવન ઈતિહાસ પર નજર કરીએ તો એવું કયું દુઃખ હતું જે રામને ન આવ્યું હોય?

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજા બનવાનો સમય આવ્યો ત્યારે કાળનું ચક્ર એવું વળ્યું કે ન તો રાજ્ય મળ્યું કે ન તો પ્રજાની સેવા કરવાનો મોકો મળ્યો. જ્યારે રાજ્યમાંથી દેશનિકાલ (વનવાસ) થાય છે અને તે પણ તેના

પિતાની આજ્ઞાથી થાય છે ત્યારે દુઃખની વેદના અતિ વધે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

શાહી ભવ્યતા માણવાનો કુદરતી વારસો જેને મળવાનો હતો તેવા ભગવાન શ્રીરામ રાજયનો ત્યાગ કરીને જંગલમાં જાય છે. પછી પિતા માટે દુઃખ આવે છે. ભરત જેવા ભાઈથી અલગ થવું. તેની પત્નીનું અપહરણ અને તેના વહાલા નાના ભાઈ લક્ષ્મણ શકિતના કારણે બેભાન થઈ ગયા.

**માનનીય અધ્યક્ષશ્રી,**

જાણે દુઃખને પણ રામના આશ્રયમાં આશરો મળ્યો છે. રામ આ બધા દુઃખો પર વિજય મેળવે છે.

વિજય હાંસલ કરતાં વધુ મહત્વની બાબત એ છે કે તેઓ તેને શાણપણના માર્ગે, ધર્મના માર્ગે, સત્યના માર્ગે, નૈતિકતાના માર્ગે પ્રાપ્ત કરે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આવું ઉત્તમ જીવન ભારતીયતાનો આદર્શ અત્યા સુધીના ઈતિહાસમાં જોવા મળેલ નથી તો આનાથી વધારે આદર્શનું ઉદારહણ બીજું શું હોય શકે આ સદીમાં જ્યારે અનેક નવા દુઃખ આવી ગયા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ત્યારે તેમની સામે લડવાની શકિત રામ જેવા ધીરજવાન અને સમજદાર વ્યકિતત્વમાંથી જ મળી શકે છે.

અયોધ્યામાં રામલલાના જીવનના અભિષેકની સાથે સાથે દરેક વ્યકિતના જીવનમાં રામની સ્થાપના થાય તેવી આશા આપણને ઉત્સાહથી ભરી દે છે.

***માનનીય અધ્યક્ષશ્રી,***

આજે મારે જે વિશેષ વાત કરવી છે એ વાત છે, અયોધ્યામાં ભગવાન રામની પ્રાણપ્રતિષ્ઠાથી સામાન્ય નાગરિક અને નાના નાના ગૃહઉદ્યોગોને થનાર ફાયદાની.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ભગવાન રામના દર્શન કરવા દેશભરમાંથી લાખો લોકો અયોધ્યા આવશે. પરિણામે દેશભરના ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને વેગ મળશે. નાના મોટાં રેસ્ટોરન્ટ અને ધાબાઓ ધમધમવાથી અનેક લોકોને રોજગાર મળશે. ફૂલની નાની દુકાનો અને પૂજાપાઠની દુકાનો સાથે પ્રસાદીની દુકાનો અને સ્થાનિક રીક્ષાવાળા તથા ધર્મશાળાઓ સાથે સંકળાયેલા લોકોને માટે રોજગારીની વિપુલ તકોનું સર્જન થશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

અયોધ્યા આવનાર દર્શનાર્થીઓને લીધે ધાર્મિક ઉદ્યોગ સાથે પ્રવાસન ઉદ્યોગને વેગ મળશે. સાથે દેશની અને દુનિયાની નવી પેઢીને આપણી સાંસ્કૃતિક અને ધાર્મિક વિરાસતને જાણવાનો અવસર પ્રાપ્ત થશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

હિન્દુ ધર્મ અને એની આસ્થા સાથે જોડાયેલા કરોડો લોકોની ધર્મભાવના સાથે સંસ્કૃતિને જાણવામાં દુનિયાભરના લોકોને રસ પડતા, વિદેશથી આવતાં લોકોને લીધે પણ આંતરરાષ્ટ્રીય ટુરિઝમનો ફ્લો ભારત તરફ વળશે. જેનો સીધો ફાયદો આપણી આર્થિક પ્રવૃત્તિઓ ઉપર સાનુકૂળ

અસર ઊભી કરશે.આમ એકતામાં વિવિધતાના દર્શન જોવા મળે છે.

***માનનીય અધ્યક્ષશ્રી,***

***બાકી જેની જેવી દ્રષ્ટિ અને ભાવના તે બાબતમાં મહાપુરૂષોના વચન છે કે,***

જાકી રહી ભાવના જેસી પ્રભુ મુરત દેખી તીન્હ તેસી

કયોકી

રામ સૃષ્ટાભી હે ઓર સૃષ્ટિ ભી હે.

રામ દ્રષ્ટાભી હે ઓર  દ્રષ્ટિ ભી હે.

રામ એકાંતભી હે ઓર મહેફીલ ભી હે.

રામ રસ્તાભી હૈ ઓર મંઝીલ ભી હૈ.

***માનનીય અધ્યક્ષશ્રી,***

ભગવાન શ્રી રામની પ્રાણપ્રતિષ્ઠા થતા, ૫૦૦ વર્ષથી રાહ જોતી કરોડો આંખોને આજે ટાઢક વળી છે ત્યારે, ભગવાન રામની પ્રતીક્ષાનું ગીત મારે અહીં આપ સૌ સમક્ષ રજૂ કરવું છે.

***માનનીય અધ્યક્ષશ્રી,***

રામચરિત માનસ'ના રામરાજ્યના વર્ણનમાં માત્ર ભારતીય રાજતંત્ર માટે જ નહીં પણ વિશ્વના અનેક દેશો માટે પ્રજાકલ્યાણનો સંદેશ સમાયેલો છે. આજે વિશ્વમાં જીવન મૂલ્યોનો હ્રાસ (નાશ) ચરમસીમા પર છે. ત્યારે માનવ તથા

વિશ્વકલ્યાણ માટે જીવનમૂલ્યોની આવશ્યકતા વધી ગઈ છે. તુલસીદાસે સમાજ જીવનના નાડી પરીક્ષક વૈદ્ય હતા. એમણે મૂલ્યોના પતનના મહારોગની દવા રામરાજ્યના આદર્શ દ્વારા આપી છે. આજનું જગત 'રામરાજ્ય' બને તે માટે જરૂરી સાત બાબતો કઈ છે ?

***માનનીય અધ્યક્ષશ્રી,***

૧. માનવમૂલ્યોનું જતન અને તેમાં અખૂટ વિશ્વાસ.

૨. કર્તવ્યનિષ્ઠ પ્રજાજનો અને પ્રજા કલ્યાણને વરેલા શાસકો.

૩. સત્તાને નહીં પણ સેવાને તથા જનકલ્યાણને
   સર્વાધિક મહત્વ.

૪. ઈર્ષ્યા, દ્વેષ અને સત્તાતૃષ્ણાનો ત્યાગ

૫. ધર્મ (નૈતિકતા), કર્તવ્યપરાયણતા અને શ્રેષ્ઠ
   નાગરિકત્વ વિકસાવવાની ભાવના.

૬. સત્તાના અહંકારનો સર્વથા પરિત્યાગ

૭. શાસક બનીને નહીં પ્રજાના સેવક બની રાજ્ય
   સંચાલનની ભાવના

રઘુકુલ રીતી સદા ચલી આઈ..પ્રાણ જાય પર વચન ન જાઈ

**માનનીય અધ્યક્ષશ્રી,**

ભગવાન શ્રીરામનું પાત્ર આપણને યુગે યુગે પ્રેરણા અને શકિત પૂરું પાડનાર છે. આવા દિવ્ય અને ભવ્ય પ્રભુ રામજીનું મંદિર બનતા અને પ્રભુ શ્રીરામની રામલલ્લા સ્વરૂપે પ્રાણપ્રતિષ્ઠા થતા કરોડો કરોડો ભારતવાસીઓમાં નવી જ ઊર્જાનો સંચાર થયો છે. કારણ કે ભગવાન રામ સ્વયં ઊર્જા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતનાં યાત્રિકો અયોધ્યા જાય તો એમને રહેવાની સુગમતા રહે એ માટે ગુજરાત સરકાર દ્વારા અયોધ્યામાં ગુજરાત ભવન બનાવવાનો નિર્ણય કરાયો છે એ માટે હું ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને

અને ગુજરાત સરકારને હાર્દિક અભિનંદન પાઠવું છું.

***માનનીય અધ્યક્ષશ્રી,***

માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ગૃહમાં જે પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે એને હું આવકારું છું અને મારું હાર્દિક અનુમોદન આપું છું.

***જયશ્રી રામ... જય જય શ્રી રામ***